ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
એસએન્ડએ/રહેણાંક નીતિ/પીઓએલ/૨૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૧૯ – ૧૦ – ૨૦૦૮.

**:–: સ્થાનિક સુધારા હુકમ :–:**

વિષય:– **નિગમની વસાહતોમાં રહેણાંકના પ્લોટોની ફાળવણી બાબતની નીતિમાં અંશતઃ સુધારા બાબત.**

સંદર્ભ:– (૧) પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પીઓએલ/૫૦૯/૯૫ તા.૧૭–૦૫–૧૯૯૫.
(૨) પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/રસુ/હા.પોલીસી/પાર્ટ–૨/૩૧/૬૨૨/૯૫ તા.૦૪–૦૯–૧૯૯૫.
(૩) પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/રસુ/પીઓએલ/પી–૩/૩૧/૬૮૦/૯૬ તા.૨૧–૧૧–૧૯૯૬.
(૪) પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/રસુ/પીઓએલ/૩૧/૬૮૪/૯૭ તા.૨૧–૦૧–૧૯૯૭.
(૫) પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/રહેણાંક નીતિ/પીઓએલ/૨૦૦૪/૨૨ તા.૨૨–૦૯–૨૦૦૪.

:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:

ઉપરોકત પરિપત્રો દ્વારા નિગમની વિવિધ વસાહતોમાં ઉદ્યોગના માલિક, ભાગીદાર, નિયામક કે ઔદ્યોગિક એકમોમાં ફરજ બજાવતાં કર્મચારીઓ, મેનેજર, એકઝીક્યુટીવ તેમજ સોસાયટીને રહેણાંકના પ્લોટની ફાળવણી કરવાંની નીતિ અમલમાં મુકેલ છે. નિગમના તા.૨૨–૦૯–૨૦૦૪ ના પરિપત્રથી વસાહતમાં આવેલ એકમના કર્મચારીઓ, ભાગીદાર તેમજ ઉદ્યોગકારોના કિસ્સાઓમાં વ્યકિતગત ધોરણે ૫૦૦ ચો.મી. કરતાં નાનાં વિસ્તારના પ્લોટોની ફાળવણી થઈ હોવા છતાં ફાળવણીદાર દ્વારા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી બનાવી તેવા પ્લોટ હાઉસીંગ સોસાયટીમાં તબદીલ કરવા અંગે રજુઆત કરવામાં આવે છે. આમ, નિગમે નિયત કરેલ નીતિમાં તટસ્થતા જળવાતી નથી અને વસાહતના આયોજનમાં પ્રાથમિક સુવિધાઓ બાબતે પ્રશ્નો ઉભા થાય છે. તેથી સદર ફાળવેલ અને ફાળવવામાં આવનાર પ્લોટોમાં નીચે મુજબની શરતો રાખવાનું નકકી કરેલ છે.

(૧) હવે પછી ૫૦૦ ચો.મી. થી નાના રહેણાંક પ્લોટની ફાળવણી કરવામાં આવે ત્યારે ઓફર કમ એલોટમેન્ટ પત્રમાં શરત મુકવી કે " આવા પ્લોટો હવે પછી સોસાયટીમાં તબદીલ કરી શકાશે નહી."

(૨) ૫૦૦ ચો.મી. થી નાના રહેણાંક પ્લોટોની ફાળવણી થયેલ હોય અને પ્લાન મંજુર કરાવેલ ન હોય તેવા કેસમાં હવે પછી સોસાયટી માટેના પ્લાન મંજુર કરવા નહી.

(૩) જે કેસમાં FSI ને ધ્યાનમાં રાખી સોસાયટી માટે પ્લાન મંજુર કરાવેલ હોય અને બાંધકામ કરેલ હોય, તેવા કેસમાં સોસાયટી તરફથી પ્લોટ તબદીલી અંગે રજુઆત કરવામાં આવે તો તે નિગમની નીતિ અનુસાર કરવાના રહેશે.

(૪) ઉપરોકત સુચનાઓનો **તા.૦૧-૧૧-૨૦૦૮ થી અમલ કરવાનો રહેશે.**

આમ, ૫૦૦ ચો.મી. કરતાં ઓછાં વિસ્તારમાં કો.ઓપરેટીવ હાઉસીગ સોસાયટીની અરજીઓ સ્વીકારવી નહી અને આવી કોઈ અરજીઓ પડતર હોય તો તે સત્વરે બંધ કરવી.

સદર સ્થાનિક સુધારા હુકમ મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર(વિતરણ)ને નામ જોગ મોકલી આપવાની તથા સદર બાબતે કોઈ વિસંગતતા-મુશ્કેલી જણાંય તો જનરલ મેનેજર(વિતરણ)નો સંપર્ક કરવાની સુચના આપવામાં આવે છે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ......
- ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,અમદાવાદ તરફ.....
- નિગમની વસાહતોના તમામ માન્ય ઔધોગિક મંડળો તરફ.....

રવાના કર્યુ.
[signature] ૭/૧૦/૮
મેનેજર(મહેકમ)